ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૫-૮-૨૦૨૧, ગુરૂવાર


## શિક્ષક ભરતી : અરવલ્લીમાં શાળાએ શિક્ષક પાસે પૈસા માંગ્યાની ક્લીપ ફરતી થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લાની ધો.૯ થી ૧૦માં શિક્ષકોની ભરતી પ્રક્રીયા શરૂ કરવામાં આવી છે જેમાં માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારની શાળાએ ઉમેદવાર પાસે લાખો રૂપિયા માગ્યા હોવાની ક્લીપ છેલ્લા ૨ દિવસથી સોશ્યલ મીડીયામાં ફરતી થતાં જિલ્લાનું શિક્ષણ લજવાઈ રહ્યું છે. શાળા સંચાલકને ખરાબ ચિતરવાનો પ્રયાસ કોના ઈશારે થઈ રહ્યો છે..?? તેની તપાસ થવી જોઈએ.

૨ મહિના અગાઉ જે શાળાઓમાં શિક્ષકોની ઘટ હતી ત્યાં ધો.૧૧-૧૨ માં શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી પરંતુ રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ઉમેદવારો પાસે પૈસા માંગવામાં આવ્યા અને ઉમેદવારોને હાજર કરતા નથી તેવી ગંભીર ફરિયાદ પછી ૫ શાળાઓને સરકાર હસ્તક કરવાનો નિર્ણય લઈ નોટિસ આપવામાં આવી હતી પરંતુ અરવલ્લી જિલ્લામાં માધ્યમિક વિભાગમાં શાળા પસંદ કરનાર ઉમેદવાર પાસે રૂા.૫ લાખની માગણી કરવામાં આવી છે તેવી એક ઓડીયો ક્લીપ ફરતી કરવામાં આવતાં શિક્ષણના થઈ રહેલા વેપારીકરણ સામે કેટલાક પ્રબુધ નાગરિકોએ રોષ પ્રગટ કર્યો છે. ઉમેદવાર અનો શાળાના આચાર્ય વચ્ચે થયેલી લાંબી વાતચીતમાં રૂા.૫ લાખ પછી જાણે કે ભાવ કરાતો હોય તે રીતે રૂા.દોઢ લાખમાં મંડળને સમજાવીશું તેવી સૂચક વાતચીત કંડારી લેવામાં આવી છે. ઉમેદવારે પોતાની પરિસ્થિતિ પ્રમાણે વર્તવું પડશે, પરિવારને વિશ્વાસમાં લેવા પડશે તેવું જણાવ્યું છે તેથી ભરતી પહેલાં જ જિલ્લામાં શિક્ષકોની ભરતી કરવાવાળી કેટલીક શાળાઓની નિષ્ઠા ઉપર સવાલ ઉભા થયા છે.

### પૈસા માંગ્યા હોય તો કાર્યવાહી કરો

જિલ્લામાં ધો.૯ થી ૧૨ નું શિક્ષણ ધીરે ધીરે પાટે ચઢી રહ્યું છે. શિક્ષકોની અછત હતી ત્યાં શિક્ષણ વિભાગ દ્વારા મેરીટના આધારે ટાટ પાસ ઉમેદવારોને પસંદ કરવામાં આવ્યા છે. પસંદગીના જિલ્લા પછી શાળાની પસંદગી કરવામાં આવી જેમાં માલપુર તાલુકાની ગ્રામ્ય શાળામાં પસંદ થયેલા ઉમેદવાર પાસે મંડળ પૈસા માગી રહ્યું છે તે મતલબની વાતચીત ઓડીયો ક્લિપમાં કેદ થઈ છે. પૈસા માગ્યા હોય તો કાર્યવાહી થવી જોઈએ. માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારની શાળાની ઓડીયો ક્લીપ પછી અન્ય શાળાના સંચાલકો ઉપર આવનારા દિવસોમાં માછલાં ધોવાઈ શકે છે.



### વાત્રક યોજના નહેર વિભાગના કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

મોડાસા ખાતેની વાત્રક યોજના નહેર વિભાગના પેટા વિભાગ માજમ નહેર યોજનામાં ફરજ બજાવતા વર્ક આસીસ્ટંટ કનુભાઈ બી.પટેલ વય મર્યાદાના કારણે નિવૃત થતાં તેમનો નિવૃત્તિ વિદાય સમારંભ તાજેતરમાં યોજાઈ ગયો. ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર એન.કે.પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા વિદાય સમારંભમાં નિવૃત્ત થતાં કર્મચારી કનુભાઈ બી. પટેલની નિષ્ઠા, પ્રમાણિકતા અને નિયમિતતાની પ્રશંશા કરી તેમને કચેરીમાં સૌ કર્મચારીઓ વચ્ચે પારીવારીક ભાવ ઉભો કર્યો હતો જેના કારણે કચેરીમાં દરેક કામ સમયસર કરવા માટેની સ્વયંમ પ્રેરણા ઉભી થઈ હતી. નિવૃત થતાં કર્મચારીનું નિવૃતી મય જીવન સુખમય બની રહે અને આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તેવા સૌએ શુભાષીસ પાઠવ્યા હતા. સાથી કર્મચારીના વિદાય સમારંભ માં સૌ કર્મચારીઓ ભાવુક બન્યા હતા. વિદાય સમારંભ વખતે નાયબ ઈજનેર પંચાલ, ઓ.એસ., એન.એમ.પટેલ, જી.કે.પંડયા તથા વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમને સાલ મોમેન્ટો આપી વિદાય સમારંભ યાદગાર બનાવવામાં આવ્યો હતો.

## સાબરકાંઠા-અરવલ્લીમાં ધો.૬ થી ૮ ના વર્ગો શરૂ થવાની ધારણા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

કોરોનાનું સંક્રમણ ઓછું થયા પછી હજુ સુધી પ્રાથમિક શાળાઓ પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ થયું નથી. સરકાર અને શિક્ષણ વિભાગની હિલચાલ જોતો ધો.૬ થી ૮ ના વર્ગો શરૂ થઈ શકે છે. તા.૧૬ ઓગષ્ટ પછી પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવાની વિચારણા હોવાનું સુત્રો પાસેથી સાંભળવા મળ્યુ છે.સાબરકાંઠા- અરવલ્લી જીલ્લાની ૨૫૦૦ થી વધુ સરકારી શાળાઓમાં ૧૭ મહિનાની પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ થઈ શક્યુ નથી પરંતુ તબક્કા વાર રીતે વર્ગો શરૂ કરવાના સંકેત મળ્યા છે.

રાજયમાં ધો.૯ થી ૧૨ તેમજ કોલેજ પછીના ઓફ લાઈન વર્ગ શરૂ કરવામાં આવ્યા છે. કોરોનાનું સંક્રમણ ઘટતાં સરકારના શિક્ષણ વિભાગની કોર કમિટીની બેઠક યોજાય પછી ટુંકમાં ધો.૬ થી ૮ ના વર્ગો શરૂ થઈ શકે છે. બંન્ને જીલ્લામાં કોરોનાના કપરા કાળમાં શૈક્ષણિક સંકુલોમાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ કરી ઓન લાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યુ પરંતુ વધુ સમય માટે તે શિક્ષણ માટે આત્મઘાતી સાબિત થવાની દહેશત કેટલાક તજજ્ઞો ધ્વારા વ્યકત કરવામાં આવી. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક ના ધાંધીયા હોવાના કારણે અસંખ્ય બાળકો ને ઓન લાઈન શિક્ષણમાં મુશ્કેલી પડી રહી છે.

## પ્રાંતવેલના યુવાનનો બનાવટી ચલણી નોટોનો કારોબાર, ધરપકડ માટે અનેક વિસ્તારોમાં તપાસ

### પોલીસે બાઈક અને થેલો જપ્ત લીધો, રૂા.૫૦૦ અને ૧૦૦ની કુલ-૨૦૪ નોટ કબજે લીધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

રાતોરાત લખપતિ બની જવાના યુવાનોના અભરખા ક્યારેક તેમની કારકીર્દીને ખતમ કરી નાખે છે. બાયડ તાલુકાના અંતરીયાળ પ્રાંતવેલનો યુવાન અલ્પેશ કાન્તિભાઈ ખાંટ ગત રાત્રે પોલીસને જોઈ બાઈક અને થેલો મૂકી અંધારામાં ફરાર થઈ ગયો હતો. તપાસ દરમ્યાન પોલીસને બનાવટી ચલણી નોટો મળી આવતાં યુવાન બનાવટી ચલણી નોટોના કારોબારમાં સંડોવાયાની આશંકા મજબૂત બની છે. સાઠંબા પોલીસે તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં પાછલા દોઢ દાયકામાં લાખો રૂપિયાની બનાવટી ચલણી નોટો પોલીસને મળી આવી છે. બેન્કના ભરણામાં જતી બનાવટી ચલણી નોટો લીલા તોરણે પાછી આવ્યા પછી શાખા મેનેજર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવે છે અને ત્યાર પછી તપાસમાં કોઈ પ્રગતિ દેખાતી નથી. દેશના અર્થતંત્રને ખોરવી નાખવા માટે દેશદ્રોહી દ્વારા બનાવટી ચલણી નોટો ચલણમાં ઘુસાડવાના અનેક પ્રયાસો સફળ રહ્યા છે. બૃહદ સાબરકાંઠામાં સૌ પ્રથમ બનાવટી ચલણી નોટ વડાગામ બસ સ્ટેશન ઉપર મહિલા પાસેથી મળી આવી હતી અને ત્યાર પછી હિંમતનગરની જાણીતી બેકરીના કારીગરની બનાવટી ચલણી નોટોમાં ઘનિષ્ઠ સંડોવણી પ્રકાશમાં આવ્યા પછી પોલીસ માત્ર તપાસ કરી રહી છે. મુખ્ય સૂત્રધારો સુધી પોલીસ પહોંચી નથી. તા.૩ ઑગષ્ટના રોજ એસ.ઓ.જી. પોલીસ ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂ અને જુગારની બદી અટકાવવા માટે તપાસમાં હતી તે સમય દરમ્યાન પૂરપાટ ઝડપે પ્રાંતવેલ તરફથી આવતો યુવાન પોલીસને જોઈને બાઈક બિનવારસી મૂકી નાસી ગયો હતો. એસ.ઓ.જી. પી.એસ.આઈ., જે.પી. ભરવાડ અને સ્ટાફે તરછોડાયેલી બાઈક અને તેની નજીકથી મળી આવેલા થેલો ખોલીને તપાસ કરતાં તેમાંથી રૂા.૫૦૦ અને ૧૦૦ના દરની ચલણી નોટ મળી આવી હતી. બારીકાઈથી જોતાં તમામ બંડલમાં એક જ નંબર હતા. જેના કારણે બનાવટી ચલણી નોટો ઘુસાડવા માટેનો કારસો રચ્યાનું પોલીસને જણાતાં પ્રાંતવેલના ફરાર યુવાન સામે સાઠંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.



## અરવલ્લીમાં વારંવાર વિજ ટ્રાન્સફોર્મર બળતાં ખેડૂતોમાં રોષ

### વરસાદની ખેચમાં સિંચાઈનાં પાણી આપવાં મુશ્કેલ બન્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદની ખેંચથી ખેતી પાક બચાવવા માટે ખેડૂતોએ સિંચાઈનાં પાણી આપવાની શરૂઆત કરી છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિવીષયક વિજ પુરવઠો ટ્રાન્સફોર્મર બળી જવાના કારણે ખોરવાઈ જતાં ખેડૂતો રોષે ભરાયા છે. છેલ્લા કેટલાક સમયથી ક્ષતીગ્રસ્ત ટ્રાન્સફોર્મર ગોઠવી દેવાતાં હોવાના કારણે વારંવાર બળી જવાના કિસ્સા વધતાં ખેડૂતો સમસમી ઉઠ્યા છે.

ઘણા લાંબા સમયથી વિજ ટ્રાન્સફોર્મર ના સમારકામમાં લાલીયાવડી યુ.જી.વિ.સી.એલ. ચલાવી રહ્યુ છે. નવા ટ્રાન્સફોર્મર ના નામે ઓઈલ વગરના ટ્રાન્સફોર્મરો વિજ થાંભલાઓ ઉપર ટેકવી બદલવાનો દેખાડો થઈ રહ્યો છે. અરવલ્લીના બાજીપુરા, સજાપુર, મેઢાસણ, અને અમલાઈ સહિતના વિસ્તારોમાં ચોમાસાની સીઝનમાં એક ટ્રાન્સફોર્મર બેથી ત્રણ વાર બળી જતાં ખેડૂતોને સિંચાઈનાં પાણી આપવા હોય તો પણ વિજ પુરવઠો ન હોવાના કારણે આપી શક્યા નથી. ખેડૂતો ધ્વારા વિજતંત્રમાં રજુઆત કરાયા પછી નવા ટ્રાન્સફોર્મર ગોઠવાનો દેખાડો કરવામાં આવ્યો પણ કેટલાક વિસ્તારોમાં નવા વિજ ટ્રાન્સફોર્મરોમાં ઓઈલ ન હોવાની ચોકાવનારી વિગતો બહાર આવી છે. ખેતીની સીઝનમાં પુરતો વિજ પુરવઠો મળતો ન હોવાથી આ વિસ્તારના ખેડૂતો તંત્રની કામગીરી સામે મોરચો માંડે તેવી સ્થિતી ઉભરી રહી છે. જવાબદાર તંત્ર ધ્વારા ગ્રામ્ય વિસ્તારમાં નવા ઉભા કરવામાં આવતા વિજ ટ્રાન્સફોર્મરોની તપાસ થાય તો માત્ર રંગરોગાન કરી જુનાં ટ્રાન્સફોર્મર ગોઠવી દેવાનું કૌભાંડ બહાર આવી શકે છે. વારંવાર ટ્રાન્સફોર્મર બળવાના બનાવ શરૂ થયા છે. તેની વિજતંત્રના અધિકારીઓ તપાસ કરાવે તે જરૂરી બન્યું છે.

### કપાસમાં તેજી છતાં વાવેતરમાં ઘટાડો

## સાબરકાંઠા-અરવલ્લીમાં વરસાદની ખેંચથી ગત વર્ષ કરતાં કપાસનું વાવેતર ૩૦૦૦ હજાર હેકટર ઓછું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સીઝનના આરંભથી વરસાદની અનિયમીત્તા અને ખેચના કારણે ખરીફ વાવેતરને અસર થઈ છે. અન્ય પાકનું વાવેતર હાલની સ્થિતીએ સંતોષકારક કહી શકાય પરંતુ કપાસમાં તેજી છતાં વાવેતરમાં ઘટાડો નોધાયો છે. બંન્ને જિલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૨૯૬૯ હેકટર જમીનમાં ઓછુ વાવેતર થયું છે. ખરીફ સીઝનમાં કપાસનું ધરખમ વાવેતર થવાની આશા હતી પરંતુ વરસાદ ખેચાતાં વાવેતર નિરશ રહ્યુ છે.

જીલ્લામાં ભારે વરસાદની જરૂરીયાત છતાં માત્ર ઝાપટાં સ્વરૂપે વરસાદ વરસી રહ્યો છે. વાવેતર થયે પાકને ઝાપટાંથી આંશીક જીવત દાન મળ્યુ પરંતુ મોટાં જળશયો હજી પણ તરસ્યાં હોય તેવી સ્થિતી છે. ઉપર વાસમાં ભારે વરસાદ વરસ્યો ન હોવાના કારણે આગામી સમયમાં પીવાના પાણીનું સંકટ ઘેરાઈ શકે છે. જયારે વરસાદની ઘટના કારણે આ વર્ષે કપાસના વાવેતરને અસર થઈ છે. ગત વર્ષે અરવલ્લી જિલ્લામાં હાલની સ્થિતીએ ૧૬,૫૭૧ હેકટર જમીનમાં કપાસનું વાવેતર થયું હતુ તેની સામે આ વર્ષે ૧૩,૭૬૭ હેકટર જમીનમાં વાવેતર નોધાયું છે. જયારે સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષે ૪૨૫૦૫ હેકટર સામે ૪૨૩૪૦ હેકટરમાં કપાસનું વાવેતર થયાનું ખેતી સુત્રો જણાવી હ્યા છે. વરસાદની ખાધ કારણે કપાસના ભાવમાં તેજી છતાં બમ્પર વાવેતર થઈ શક્યુ નથી. જિલ્લામાં વરસાદની આગાહીઓ થાય છે. પરંતુ ભારે વરસાદ વરસતો ન હોવાથી ખેડૂતો ચિંતીત બન્યા છે. દર વર્ષે બંન્ને જીલ્લામાં કપાસનું બમ્પર વાવેતર ખેડૂતો કરતાં હોય છે. પરંતુ શરૂઆતથી ચોમાસાના અટકચાડાંના કારણે ખેડૂતોએ કપાસના વાવેતરને બદલે એરડાં સહિતના ઓછા પાણીએ તૈયાર થતાં વાવેતર તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ હોય તેવું જણાઈ રહ્યું છે.



### મોડાસામાં "નારી ગૌરવ દિવસ" કાર્યક્રમ યોજાયો

## જે ઘરમાં મહિલાઓનું સન્માન થાય છે ત્યાં દેવતાઓનો વાસ રહેલો છે : પાણી પુરવઠા મંત્રી

બાયડ તા.૪

રાજ્ય સરકારના પાંચ વર્ષના યશસ્વી કાર્યકાળની ઉજવણીના સંદર્ભે ગ્રામ વિકાસ વિભાગ, શહેરી વિકાસ વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત સરકાર દ્વારા "નારી ગૌરવ દિવસ"ની કાર્યક્રમ નિમિત્તે વડોદરા ખાતેથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" અંતર્ગત લોન વિતરણ તથા મહિલા બાળ વિકાસ વિભાગ અંતર્ગત વિવિધ પ્રકારના વિકાસ કામોના ડીજીટલ લોકાર્પણ/ખાતમુહર્તનો રાજ વ્યાપી સમારંભ યોજાયો હતો. જેમાં આ કાર્યક્રમ રાજયની જુદી –જુદી ૧૦૭ જગ્યાએ આ કાર્યક્રમની કાર્યક્રમ યોજાયો હતો.

જે અંતર્ગત સેવાયજ્ઞના ભાગરૂપે ૪ ઓગસ્ટ બુધવારના રોજ સમગ્ર ગુજરાતમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષનો કાર્યક્રમ યોજાયો. જેમાં અરવલ્લી જિલ્લાની ૪૦૦૦ મહિલાઓને લાભ આપવાનો કાર્યક્રમ મોડાસાની ભામશા હોલ ખાતે પાણી પુરવઠા, પશુપાલન,ગ્રામગૃહ નિર્માણના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષ સ્થાને નારી ગૌરવ દિવસનો કાર્યક્રમ યોજાયો. જેમાં જીલ્લાની મહિલાઓને ૧-૧ લાખના ચેક વિતરણ કરાયા.

આ પ્રસંગે રાજ્યમાં ૧૦ હજાર સખીમંડળ હેઠળ રાજ્યની મહિલાઓને ૧૦૦ કરોડ રૂપિયાની વગર ૦ ટકા વ્યાજ સહિતની લોન માટેના ચેકનું વિતરણ કરાયું. જેના ભાગ રૂપે અરવલ્લી જીલ્લામાં મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ૪ ઓગસ્ટ બુધવારના રોજ મોડાસા તાલુકાના કુલ ૮૫ ત્નર્ન્ઈજીર્ મહિલા જૂથોને કુલ રૂ.૮૫ લાખ, ભીલોડા તાલુકાના ૭૮ ત્નર્ન્ઈજીર્ મહિલા જૂથોને રૂ. ૭૮ લાખ, મેઘરજ તાલુકાના ૭૦ ત્નર્ન્ઈજીર્ મહિલા જૂથોને રૂ. ૭૦ લાખ, બાયડ તાલુકાના ૭૪ ત્નર્ન્ઈજીર્ મહિલા જૂથોને રૂ. ૭૪ લાખ, માલપુર તાલુકાના ૬૦ ત્નર્ન્ઈજીર્ મહિલા જૂથોને રૂ. ૬૦ લાખ, ધનસુરા તાલુકાના ૫૦ ત્નર્ન્ઈજીર્ મહિલા જૂથોને રૂ.૫૦ લાખ રૂપિયાની લોન મળેલ છે.

આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચન આપતા પાણી પુરવઠા, પશુપાલન,ગ્રામગૃહ નિર્માણના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યુ કે, વિદેશની સંસ્કૃતિમાં નારી શક્તિની ઉપાસના અને માન-સન્માન માત્ર એક દિવસ એટલે કે "વિશ્વ મહિલા દિવસ" પૂરતો ઊજવાય છે. પરંતુ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓનું સન્માન એ સદીઓની નિત્ય પરમ્પરા રહી છે. એટલે જ ભારતીય શાસ્ત્રોમાં કહેવાયું છે કે, અર્થાત જ્યાં સ્ત્રીઓનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓનો વાસ છે. પહેલાના સમયમાં નારીને શિક્ષણનો પૂરો અધિકાર હતો. મહિલાઓ ઘણી બધી સિદ્ધિઓ સર કરી ચુકી છે. વડાપ્રધાનશ્રી દ્વારા મહિલાઓ માટે અનેકવિધ યોજનાઓનો પ્રારંભ કર્યો છે. આ સરકાર એ સંવેદનશીલ સરકાર છે.

માતા, પત્ની, પુત્રી, પુત્રવધુ જેવી વિવિધ ભૂમિકાઓ દ્વારા સમાજ અને દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં મહિલાઓ મહત્વપૂર્ણ યોગદાન પૂરું પાડે છે, છેલ્લા પાંચ વર્ષમાં મહિલા ઉત્કર્ષ અને સશક્તિકરણ સહિતના લગભગ તમામ ક્ષેત્રોમાં ગુજરાતની શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલની પ્રગતિશીલ સરકારે દૃઢ રાજકીય ઈચ્છાશક્તિથી અને સંવેદનશીલતાપૂર્વક રીતે પરિણામલક્ષી નિર્ણાયકતા દાખવી જન-જનને પારદર્શક શાસનની પ્રતીતિ કરાવી પ્રગતિશીલતાના પરચમ લહેરાવ્યા છે. કોરોના કાળમાં સરકારે અનાજની મફત સહાય આપી હતી. વાસ્મોના માધ્યમથી "નલ સે જલ" યોજના અંતર્ગત વડાપ્રધાનશ્રી સપનાને સાકાર કરવા ૨૦૨૪ સુધી ઘરે-ઘરે શુદ્ધ પાણી મળશે.



### આકરૂન્દના યુવાનની બક્ષીપંચ મોરચા કારોબારી સભ્ય તરીકે નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ધનસુરા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાની ટીમ જાહેર કરાઈ છે. જેમાં આકરૂન્દ ગામના નીતિનકુમાર નટુભાઈ બારોટ (બોરલ હાઈસ્કુલ)ની બક્ષીપંચ મોરચા કારોબારી સભ્ય તરીકે નિયુક્તી કરાતાં બ્રહ્મભટ્ટ સમાજમાં ખુશાલી છવાઈ છે. ભાજપમાં કાર્યકર્તાનું સમય આવે સન્માન થતું હોય છે. આકરૂન્દ વિસ્તારમાં ભાજપનું કમળ ખીલે તેવા અનેક યુવાનોના પ્રયાસોમાં યુવા કાર્યકર નીતિનભાઈ બારોટ પણ સહભાગી રહ્યા હતા. પ્રબુધ નાગરિકોની સમિતિમાં અગાઉ સ્થાન મળ્યા પછી તાજેતરમાં તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાની રચના કરવામાં આવી છે. જેમાં તેમની સભ્ય તરીકેની નિયુક્તિ થતાં ભાજપના સ્થાનિક આગેવાન કાર્યકરોએ નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.



### અરવલ્લી આરોગ્ય શાખાના વહીવટી અધિકારી નિવૃત્ત

## ૫ દિવસ પછી પણ ચાર્જ અદ્ધરતાલ, કર્મચારીઓના પગારમાં વિલંબની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના વહીવટી અધિકારી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા છે. પરંતુ નિવૃત્તિના ૫ દિવસ પછી પણ ચાર્જ અદ્ધરતાલ રહેતાં આરોગ્ય શાખાના કર્મચારીઓના પગારમાં વિલંબની સંભાવના છે.

અરવલ્લી જિલ્લા પંચાયતની અનેક શાખાઓમાં જવાબદાર અધિકારીઓ ગંભીર ન રહેતાં તેની સીધી અસર વહીવટી કામગીરી ઉપર પડી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની હોતી હે, ચલતી હે..ની કામગીરીથી પ્રધાનમંત્રી આવાસ યોજનાથી માંડી અન્ય યોજનાઓને માઠી અસર પહોંચી છે. આવાસ યોજનામાં અનેક કૌભાંડ અને લેખિત ફરિયાદ પછી પણ મામલા દબાવી દેવામાં આવ્યા છે. આરોગ્ય શાખામાં પણ હવે લાગે છે કે વહીવટી તબિયત લથળશે. શાખાના વહીવટી અધિકારી નિવૃત્ત થયા છે તે ચાર્જ પણ ઈન્ચાર્જમાં હતો અને હજુ સુધી અન્ય અધિકારીને ચાર્જ ન અપાતાં કેટલાય કર્મચારીઓના અગત્યના કામો અને પગારમાં વિલંબની સંભાવના વધી છે. જ્યારે વહીવટી અધિકારીની નિયુક્તિ ફાઈલ જિલ્લા વિકાસ અધિકારીના ટેબલ ઉપર અટવાયાની ચર્ચા ચાલી છે.

## બાયડ શહેર ભાજપ યુવા મોરચાની રચના, સંગઠન વધુ મજબૂત બનાવવા ઉપર ભાર મૂકાયો

બાયડ શહેર ભાજપ યુવા મોરચાની સંપૂર્ણ ટીમની રચના જાહેર કરાઈ છે. યુવા મોરચા પ્રમુખ જીગર પટેલ, મહામંત્રી જલદીપ પટેલ દ્વારા આગામી વિધાનસભા ચૂંટણી અને બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપનું સંગઠન વધુ મજબૂત બને, તમામ સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તેની તકેદારી રાખીને ૧૧ થી વધુ સમાજને યુવા મોરચામાં સ્થાન આપવામાં આવ્યું છે. જિલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ ૬ મંડલમાં ભાજપ યુવા મોરચાની ટીમને જિલ્લાના મુખ્ય સંગઠન સાથે સંકલનમાં રહી સરકારની યોજનાઓનો લાભ પ્રજાને મળે તેવા પ્રયાસમાં લાગી જવા માટે હાકલ કરવામાં આવી છે. દરેક મંડલના યુવા મોરચાના પ્રમુખ-મહામંત્રીને ટીમનું ગઠન કરવા જણાવ્યું હતું જે અનુસાર બાયડ શહેર યુવા મોરચા દ્વારા હોદ્દેદારો સહિત ૨૧ સભ્યોના યુવા મોરચાના હોદ્દેદારો જાહેર કરાયા છે. બાયડ, ધડુશીયામઠ, સુંદરપુરા, અરજણ વાવ સહિતના તમામ વિસ્તારોને આવરી લઈને સમતોલ પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ થયો છે.